ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત્ : નવા ૨૮૦ કેસ

## દહેગામમાં ૨૩, ગાંધીનગરમાં ૪૯, કલોલમાં ૧૮, માણસામાં ૨૫ કેસ નોંધાયા : માણસા અર્બનમાં પાંચ માસનું બચ્ચુ સંક્રમિત થતાં તંત્ર હચમચી ઉઠ્યું : ૪૨ મહિલાઓ ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમિત થઈ : ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૦ દર્દીઓ રિકવર થયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે. જિલ્લામાં ઓક્સિજન, ઈન્જેક્શન અને બેડની અછત વચ્ચે સતત કેસો વધી રહ્યા હોવાથી તંત્ર અને દર્દીઓ બન્ને લાચારીની સ્થિતિનો અનુભવ કરી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસો જે ઝડપથી વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધવા પામી છે. જિલ્લામાં આજે માણસા અર્બન વિસ્તારમાં એક પાંચ માસનું નાનુ બચ્ચુ કોરોનાથી સંક્રમિત થતાં તંત્ર હચમચી ઉઠ્યું છે.

ગ્રામ્ય વિસ્તારમાં પરિવારોના પરિવાર તેમજ યુવાઓ અને મહિલાઓ સંક્રમિત થઈ રહી હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે. છેલ્લા બે દિવસથી જિલ્લામાં ઓક્સિજનની માંગમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. બીજી તરફ સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલો ફુલ થઈ જતાં દર્દીઓ પણ હવે લાચાર બની ગયા છે. તંત્ર અને દર્દીઓ બન્ને લાચારીનો સામનો કરી રહ્યા છે. કોરોનાનો અજગરી ભરડો વધુ ને વધુ જિલ્લાને ભીંસી રહ્યો છે.

જિલ્લામાં આજે વધુ ૨૮૦ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૧૭ કેસ અને ગાંધીનગર શહેરમાં ૧૬૩ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા સંક્રમણને લઈ તંત્ર આખો દિવસ દોડતુ રહ્યુ હતુ. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૨ મહિલાઓ સંક્રમિત થઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૩ વિદ્યાર્થી, ૧૯ ખેડૂત અને ૯ જેટલા કર્મયોગીઓ સંક્રમિત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૨૩, ગાંધીનગરમાં ૪૯, કલોલમાં ૧૮ અને માણસામાં ૨૫ કેસ નોંધાયા છે.

દહેગામ તાલુકામાં આજે દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની ચિંતા વધી છે. દહેગામ અર્બનમાંથી જ એક જ દિવસમાં ૧૮ કેસ મળી આવતાં ચોંકી ઉઠેલા તંત્રએ સઘન સર્વેલન્સ માટે તંત્રને સૂચનાઓ આપી છે. દહેગામ અર્બનમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાતુ ન હોવાની ફરિયાદો પણ ઉઠી છે.

આજે નોંધાયેલા કેસોમાં દહેગામ અર્બનમાંથી ૮ કેસ ઉપરાંત સામેત્રી ગામેથી ૩, સાંપામાંથી ૨, નાંદોલમાંથી ૩ ઉપરાંત કરોલી, પાટનાકુવા, ઉદણ, લાખાનામુવાડા, હાલીસા, સલ્કી અને સાણોદા ખાતેથી કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાનો અજગરી ભરડો વધુ ને વધુ વધતો જાય છે. તંત્રની દોડધામ પણ તાલુકામાં વધી ગઈ છે. તાલુકામાં આજે ૪૯ કેસ નોંધાયા છે.

તાલુકામાં આજે નોંધાયેલા કેસોમાં સાદરામાં ૫, અડાલજમાં ૫, ધણપ, ઈસનપુર મોટા અને મગોડી ગામે ૩-૩ કેસ, દોલારાણા વાસણા, દશેલા, છાલા, વાસણા અને રામપુર તેમજ ઉવારસ ગામે ૨-૨ કેસ, ઉપરાંત આદરજમોટી, જલુંદ, સરઢવ, દરમપુર, જાખોરા, લેકાવાડા, માધવગઢ, ગીયોડ, લવારપુર, રૂપાલ, ભાઈજીપુરા, આલમપુરા, પીંડારડા, પીંપલજ, શેરથા, ગલુદણ, મેદરા, વડોદરા અને વલાદ ખાતેથી પણ કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં કોરોનાની બીજી લ્હેરના આરંભમાં શાંતિ દેખાતી હતી પરંતુ હવે જે રીતે કેસો મળવાના શરૂ થયા છે તેણે તંત્રને હચમચાવી દીધુ છે.

કલોલ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ખુબજ ઝડપથી કેસો મળવાના શરૂ થયા છે. તંત્રએ તાલુકામાં સર્વેલન્સ સઘન કરવાની સાથે ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કર્યો છે.

કલોલમાં આજે અર્બન વિસ્તારમાંથી ૯ કેસ મળી આવ્યા છે. જેમાં કલોલ અર્બન-૧ માંથી પાંચ અને કલોલ અર્બન-૨ માંથી ૪ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત આરસોડિયા અને ચાંદીસણા ગામેથી ૨-૨ કેસ મળવા ઉપરાંત બોરીસણા, પ્રતાપપુરા, છત્રાલ, રાંચરડા, ધમાસણામાંથી પણ કેસો મળી આવ્યા છે.

માણસામાં આજે ૨૫ કેસ નોંધાયા છે. માણસા સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ પણ કોરોનાથી સંક્રમિત થયાના અહેવાલો છે.

માણસા અર્બનમાં તો આજે જાણે કોરોના વિસ્ફોટ થયો છે. માણસા અર્બનમાં આજે પાંચ માસના નાના ફૂલ સાથે કુલ ૧૯ કેસ નોંધાયા છે.

માણસાના ગ્રામ્ય વિસ્તારમાંથી અંબોડ, સમૌમાંથી ૨-૨ કેસ મળવા ઉપરાંત આજોલ, બાપુપુરા, ઈન્દ્રપુરા, બોરૂ ગામેથી પણ કેસો મળી આવ્યા છે. માણસામાં કેસો વધતાં તંત્રની ચિંતા વધવા લાગી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૮ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સારવાર દરમ્યાન કલોલના એક દર્દીનું અવસાન થયાનું પણ તંત્રએ સ્વીકાર્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૩૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૫૬૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં છેલ્લા દસ દિવસમાં એક પણ દિવસ ૧૩૦ દર્દીઓ નોંધાયાનું તંત્રએ જાહેર કર્યુ નથી પણ આજે ડિસ્ચાર્જ કર્યાનું દર્શાવ્યુ છે.

જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી કોરોનાએ જે અજગરી ભરડો લીધો છે છતાં તંત્રના કહેવા પ્રમાણે આજે ૩૨૩ એક્ટીવ કેસ સારવાર હેઠળ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૬૫૬૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૧૬૩ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૭૦ અને સેક્ટરોમાં ૯૩ કેસ નોંધાયા છે.

શહેરમાં વધતા જતા કેસો વધતાં તંત્રની ચિંતા વધી છે. ખાસ કરીને અગાઉ હોટસ્પોટ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં જીઆઈડીસીના મેનેજર, જીઈબીના કર્મયોગી, કોટક મહેન્દ્ર બેંકના કર્મયોગી, આરોગ્યનો કર્મયોગી, સિવિલનો ફાર્માસીસ્ટ, બરોડા ગુજરાત ગ્રામીણ બેંકનો કર્મયોગી, ઈન્ડીયન એરફોર્સનો કર્મયોગી, મંત્રીની કચેરીનો કર્મયોગી, ટેકનોલોજીના અધિકારી, એડવોકેટ, સેને. ઈન્સ્પેક્ટર વોર્ડ નં. ૫, પોસ્ટ ઓફિસના કર્મયોગી, વેપારી, પ્રોફેસર, વિધાનસભાનો કર્મયોગી, વિશ્વકર્મા કોલેજનો કર્મયોગી, સોફ્ટવેર ઈજનેર, બેંક ઓફ અમેરિકાનો કર્મયોગી, ફાર્માસીસ્ટ, ખાનગી કંપનીના પ્રોડક્સન મેનેજર, ઓર્થોપેડિક સર્જન, ઉદ્યોગભવનનો કર્મયોગી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કેડીલા ફાર્માનો કર્મયોગી, જ્યોતિષી, પીએસઆઈનો સમાવેશ થાય છે.

શહેરમાં નોંધાયેલા કેસોમાં નવ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સંક્રમિતોની યાદીમાં ૫૭ મહિલાઓનો સમાવેશ થાય છે. બીજી લ્હેરમાં મહિલા દર્દીઓની સંખ્યા વધતા તંત્રમાં ચિંતાની લાગણી ઉભી થવા પામી છે.

ગાંધીનગર શહેરમાં સૌથી વધુ વસ્તીનું ભારણ ધરાવતા સે. ૨૪ માંથી ૧૬ કેસ ઉપરાંત સે. ૨૯, ૨૬, ૧૪, સે. ૪ માંથી ૭-૭ કેસ નોંધાયા છે. જીઈબી, સે. ૨૭, સે. ૨૮, સે. ૧૬ માંથી ૫-૫ કેસ નોંધાયા છે. સે. ૨૨ માં ૬ કેસ નોંધાયા છે. સે. ૩૦, ૨૮, ઈન્દ્રોડા, સે. ૬ માંથી ૨-૨ કેસ નોંધાયા છે. સે. ૨૩ અને સે. ૫ માંથી ૩-૩ કેસ નોંધાયા છે. સે. ૩, ૩-એન્યુ, ૨૫, ૧૫ અને સે. ૯ માંથી પણ ૧-૧ કેસ મળી આવેલ છે.

શહેરમાં ભેળવાયેલા ગ્રામ્ય વિસ્તારમાં સરગાસણમાં ૧૪, કુડાસણમાં ૧૮, વાવોલમાં ૧૪, ખોરજમાં ૭, રાંદેસણ, પેથાપુરમાં ૫-૫ કેસ તેમજ રાયસણમાં ૪ કેસ ઉપરાંત કોટેશ્વર, રાંધેજા અને આલમપુરમાંથી પણ કેસ મળી આવ્યા છે.

### ૨જી મે સુધી સ્વૈચ્છીક લોકડાઉન માટે ગાંધીનગર મેયરની સૌને અપીલ

કોવિડ-૧૯ ના વધતા જતા સંક્રમણને પગલે ગાંધીનગરના મેયર રીટાબેન પટેલે આજે ૨જી મે સુધી સ્વૈચ્છીક લોકડાઉન પાળવા માટેની અપીલ કરી છે.

આજે અપીલ કરતાં શ્રીમતિ રીટાબેન પટેલે જણાવ્યુ છે કે વૈશ્વિક મહામારી કોરોનાની બીજી લ્હેર પ્રાણઘાતક પુરવાર થઈ રહી છે. કોવિડ-૧૯ વાયરસથી બચવા સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે. ત્યારે આપણે સલામત તો પરિવાર સલામત અને તો જ સમાજ અને આપણુ ગાંધીનગર સલામત રહેશે. આ સૂત્રનો અમલ કરવાનું અનિવાર્ય બની ગયુ છે. માટે સહિયારા પ્રયાસથી કોરોનાને હરાવવા આપણે સ્વૈચ્છિક લોકડાઉન પાળવા હું આપ સૌને અને વેપારીઓને અપીલ કરૂ છુ. વેપારી મંડળો પણ આમાં સહયોગ આપશે.

### ગાંધીનગર શહેરમાં બે કોવિડ સેન્ટરો ઓક્સિજન સાથેની ૧૦૮ બેડની ક્ષમતા ધરાવતા ઉભા કરાશે

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તેમજ ખાનગી હોસ્પિટલો પણ કોરોનાના દર્દીઓથી ઉભરાઈ ચુકી છે. ત્યારે ગાંધીનગર કડવા પાટીદાર સમાજ તેમજ ઉત્તર દસક્રોઈ સમાજ દ્વારા ગાંધીનગરના સે. ૧૨ ઉમિયા માતા ધામ તેમજ રાયસણની કમલા ફિઝીયોથેરાપી કોલેજમાં ઓક્સિજનની સુવિધા સાથે નિઃશુલ્ક કોવિડ સેન્ટર ટૂંક જ સમયમાં કાર્યરત કરવામાં આવશે.

આ બન્ને સેન્ટરો મળીને કુલ ૧૦૮ બેડ ઓક્સિજનના રહેશે જેમાં દર્દીઓને નિઃશુલ્ક સારવાર આપવામાં આવશે.

ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ, સહકારી અગ્રણી કેતનકુમાર પટેલ, ભાજપના મહામંત્રી ગૌરાંગ પટેલ સહિત સરદાર પટેલ ગૃપના પાટીદાર અગ્રણીઓ દ્વારા આ કોવિડ સેન્ટર શરૂ કરવાની તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

### ફોટો જર્નાલિસ્ટ શૈલેષ રાવલનું કોરોનાની સારવાર દરમિયાન અવસાન

ગુજરાતના જાણીતા ફોટો જર્નાલીસ્ટ શૈલેષ રાવલનું કોરોનાની સારવાર દરમ્યાન દુઃખદ અવસાન થયુ છે.

પોતાને ફોટો જર્નાલિસ્ટ કરતાં ઈમેજમેકર તરીકે ઓળખાવવુ શૈલેષ રાવલને વધુ પસંદ હતુ. તે મિત્રોને અને ફોટોગ્રાફીના વિદ્યાર્થીને રસપૂર્વક સમજાવતા પણ ખરા કે મીડિયામાં ફોટોગ્રાફી નથી કરવાની હોતી પણ સમગ્ર દશ્યના બાહ્ય અને આંતરિક પોતાની ઈમેજ ખડી કરવાની હોય છે.

અતિ મિલનસાર, સંવેદનશીલ અને પોતાનુ જ્ઞાન બીજાને વહેંચતા વિદ્યાદાતા તરીકેની ચાહના હતી. "તુજ તારો શિલ્પી" છે યથાર્થ કરતા શૈલેષભાઈ પોતાના કાર્ય, કૌશલ્ય અને કામયાબીને કંડારતા પોતાના જ "ઈમેજમેકર" બનીને જીવી ગયા.

ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ પણ શૈલેષ રાવલના દુઃખદ અવસાન અંગે દુઃખ વ્યક્ત કરી શ્રધ્ધાંજલિ આપતાં જણાવ્યુ છે કે ખુબ જ સાલસ વ્યક્તીત્વની ખોટ પત્રકારિત્વ જગતને પડી છે. પારિવારિક મિત્ર પણ ગુમાવ્યાનું દુઃખ છે.

# શહેરમાં ગરમીના દિવસોમાં ૮ એમ એલ ડી પાણીનો સપ્લાય વધારી દેવાયો

## પાણીનો વપરાશ વધ્યો ત્યારે બોર પણ વધુ ચાર કલાક કાર્યરત કરાયા : આમછતા સે-૩ સહીત નવા સેકટરોના કેટલાક પોકેટમાં ફોર્સથી પાણી ન આવતા નાગરિકોમાં રોષ

ગાંધીનગર તા ૨૩

શહેરમાં આકરી ગરમીના દિવસોમાં પાણીનો સપ્લાય વધારી દેવામાં આવે છે. સેકટરોમાં સપ્લાય થતા પાણીના પુરવઠા સામે હાલની સ્થિતિએ અંદાજિત ૮ એમ એલ ડી જેટલો સપ્લાય વધારી દેવાયો છે. જયારે સેકટરોમાં પાણીના બોર પણ વધુ ચાર કલાક ઉપયોગમાં લેવાય છે. આમછતા નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં આકરી ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધ્યો છે. ગરમીના દિવસોમાં આમ પણ પાણીનો સપ્લાય વધારી દેવામાં આવે છે. જયારે હાલ ગરમીને અનુલક્ષીને તંત્ર દ્વારા સેકટરોમાં ૮ એમ એલ ડી જેટલો સપ્લાય વધારી દેવાયો છે. આ ઉપરાંત સેકટરોના બોર પણ ચાર થી પાંચ કલાક વધુ કાર્યરત રહે છે. જેના લીધે સેકટરોમાં સપ્લાય વધુ આપવામાં આવી રહ્યો છે. આમ છતા નવા સેકટરોમાં હજુ પાણીની પોકાર યથાવત છે. એકબાજુ ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધ્યો છે. ત્યારે સેકટરોમાં પાણીના બોરના ઉપયોગમાં ચાર થી પાંચ કલાક વધારી દેવાયા છે. ગરમી વધી છે. ત્યારે કોરોના કાળમાં આમ પણ પાણીનો વપરાશ વધ્યો છે. ગરમી સિવાયના દિવસામાં તંત્ર દ્વારા સામાન્ય રીતે પ્રતિદિન ૫૮ એમ એલ ડી જેટલુ પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે ગરમીના દિવસોમા આ સપ્લાય ૮ એમ એલ ડી જેટલો વધારી દેવામાં આવે છે જેથી પાણીના વધતા વપરાશ વચ્ચે સેકટરોમાં પાણીના સપ્લાયના ઘટની ફરિયાદો ન ઉઠે પરંતુ છેલ્લા બે ચાર દિવસથી નગરના નવા સેકટરોમાં ફરી પાણીનો ફોર્સ પુરતો ન આવતો હોવાનો આક્રોશ નાગરિકો ઠાલવી રહ્યા છે. જેના લીધે રહીશોના ઘરમાં પાણીની ટાંકી પણ પુરતી ભરાતી નથી. સે-૩ સી માં પણ પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ છે. જયારે સે-૪ અને સે- ૨ માં પણ કેટલાક ઠેકાણે પાણીનો ફોર્સ ઘટયો હોવાની ફરિયાદો નાગરિકો કરી રહ્યા છે.

# રાત્રી કર્ફ્યુનો ભંગ બાદ લોકો અજીબો ગરીબ બહાના કાઢે છે

અમદાવાદ,તા.૨૩

હું ક્રિકેટ રમતો હતો એટલે મોડું થયું, હું મારા વર્કર્સને ટિફિન પહોંચાડવા ગયો હતો, હું હાલમાં જ ઈવનિંગ વોક માટે મારા ઘરેથી બહાર નીકળ્યો. જ્યારે પોલીસ રાત્રિ કર્ફ્યૂ દરમિયાન બહાર રખડતાં લોકોને અટકાવે ત્યારે તેમને આવી દલીલો સાંભળવા મળે છે. બુધવારે રાતે, વસ્ત્રાપુર પોલીસે શાહપુરમાં રહેતા ૨૭ વર્ષના ક્રિષ્ના બારૈયાને અટકાવ્યો હતો. જ્યારે તેણે પોલીસને કહ્યું કે, તે સાણંદ ક્રિકેટ રમવા ગયો હતો અને તેથી મોડું થઈ ગયું, ત્યારે પોલીસે નિયમનો ભંગ કરવા બદલ આઈસીપીની કલમ ૧૮૮ હેઠળ તેની ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે કે, કોવિડ-૧૯ના વધતાંજતાં કેસને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે ૭ એપ્રિલથી ૩૦ એપ્રિલ સુધી, રાતે ૮થી સવારે ૬ વાગ્યાનું નાઈટ કર્ફ્યૂ જાહેર કર્યુંછે.

# મુકિતધામમાં મેનપાવરનો અભાવ સમાજ સેવકોને ભયમુકત બની સેવા આપવા અપીલ

## કવોરન્ટાઇન દર્દીનુ અવસાન થયુ હોય તેવા કિસ્સામાં ભયભીત થયા વિના મોજા અને માસ્ક પહેરીને કામ કરવુ મુકિતધામના યોગ્ય સંચાલન અને આરોગ્ય સુરક્ષા માટે અપીલ : હાલ ૫ ભઠ્ઠીઓ કાર્યરત હજુ વધારાશે

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં કોરોનાએ કાળોકેર વર્તાવ્યો છે. ત્યારે વધતા મૃત્યુઆંક વચ્ચે મુકિતધામમાં ફરજ બજાવતા કોરોના વોરિયર્સની પણ આકરી કસોટી થઈ રહી છે. એકબાજુ મુકિતધામમાં કામ કરવા માટે સ્વયંસેવકો અગર નોકરીના આધારે પણ મેનપાવર મળતો નથી. જયારે હાલ મુક્તિધામમાં ૫ ભઠ્ઠીઓ કાર્યરત છે. હજુ પણ વધારાશે ત્યારે મૃતકોના સ્વજનો ઝડપથી અગ્નિસંસ્કાર કરવાનો આગ્રહ ન રાખે અને સમાજસેવકો ભયમુકત બનીને મુકિતધામમાં સેવા આપે તેવી અપીલ પણ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં કોરોનાના કપરા કાળમાં નવા કેસની સાથે મૃત્યુ આંક પણ વધી રહ્યો છે. કોરોનાગ્રસ્ત દર્દીઓના મોતથી નગરજનોમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે. બીજીતરફ સે-૩૦ મુક્તિધામ ખાતે પણ કોરોનાના મૃતકોના અગ્નિસંસ્કાર કરવાનુ કામ પણ કપરી કસોટી સમાન બન્યુ છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત મુક્તિધામમાં પણ કોરોના વોરિયર્સની કસોટી થઈ રહી છે. આ અંગે મુકિતધામમાં સેવા આપતા જીલુભા ધાંધલે જણાંવ્યુ છે કે સે-૩૦ ના મુકિતધામમાં સ્વજનોના અંતિમ સંસ્કાર માટે ૫ થી વધુ સ્વજનો ન આવે તે અનિવાર્ય બન્યુ છે.મુકિતધામના યોગ્ય સંચાલન તેમજ જાહેર આરોગ્યની સુરક્ષા અન્વયે તેમણે જણાંવ્યા મુજબ મૃતકોના ઝડપથી અગ્નિ સંસ્કાર કરવા માટે ભલામણ ન કરે તે પણ જરૂરી છે. અત્યાર સુધી સ્મશાનમાં ૪ ભઠ્ઠીઓ કાર્યરત હતી જયારે હાલ તંત્ર દ્વારા ૫ ભઠ્ઠીઓ શરૂ કરવામાં આવી છે. જયારે હજુ પણ નવી ભઠ્ઠીઓ મુકવામાં આવનાર છે. જયારે હોમ કવોરન્ટાઈન દર્દીનુ અવસાન થયુ હોય તેવા કીસ્સામાં તેમના સ્વજનોએ દર્દીના મૃતદેહને અડવાનુ થાય ત્યારે પી પી ઈ કીટ પહેરીને અથવા હાથમોજા અને માસ્ક પહેરે તે પણ અનિવાર્ય છે. આવા મૃતકોના સ્વજનોએ પણ ભયભીત થવાની જરૂર નથી.

જયારે મૃતકોના સ્વજનો અંતિમધામમાં કામ કરતા સ્ટાફને પણ અનુકુળ થાય તે માટે પણ તેમણે અપીલ કરી છે. અંતિમધામમાં અગ્નિસંસ્કારની વિધી ૨૪ કલાક કરવામાં આવે છે. જયારે આ કામગીરી માટે સ્વૈચ્છિક સેવા આપવા અગર નોકરી કરવા માટે પણ મેનપાવર ઉપલબ્ધ થતો નથી. આવા સંજોગોમાં સ્વર્ગસ્થોના અંતિમ સંસ્કાર માટે સ્વજનો આ સ્ટાફના અનુકુળ વર્તન માટે યોગ્ય વ્યવહાર કરે તો માનવીય સંવેદનાઓનુ સન્માન પણ થાય આ ઉપરાંત મુકિતધામમાં સ્વચ્છતા જળવાય રહે તે માટે પણ યોગ્ય સહકાર આપવા તેમણે વિનંતી કરી છે. હાલની સ્થિતિએ મુકિધામને અનુલક્ષી માત્ર ૨ શબવાહીની કાર્યરત છે. આ શબવાહીની ૨૪ કલાક કાર્યરત હોય છે. પરંતુ તેના પરિવહન માટે વધારાના ડ્રાઈવર પણ મળતા નથી જયારે હાલ ફરજ બજાવતા ડ્રાઈવરોને પણ અનુકુળ થઈને સહયોગ આપવા પણ તેમણે અપીલ કરી છે.

બેસણું



અમારા માતૃશ્રી ગં.સ્વ.મનીનંદરજીત. એસ. સંધુનું તા.૧૯/૪/૨૦૨૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને સદ્ગતનું ટેલીફોનીક બેસણું તા.૨૪/૪/૨૦૨૧ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે રાખેલ છે.

રવિ આર. બારોટ(જમાઈ) 9825026172

સોનિયા આર. બારોટ(પુત્રી) 9898900999

યાદવિન્દર ભીન્ડર(જમાઈ) ગુરીન્દરજીત સંધુ (ભત્રીજો)

સુમીત સંધુ (પુત્રી) કમલાજીતકૌર સંધુ (વહુ)

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN®

ashirvad

Jaquar experience bathing

DR. FIXIT®

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com